# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૫૪ તા.૫-૮-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે એપ્રિલ-૨૦૧૬માં ધો.૭ પાસ કરીને હાલમાં ધો.૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શાળામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે હોય તેમાંથી ઉપલબ્ધ કોઈપણ બે વિદ્યાર્થીઓને લઈ એક જવાબદાર શિક્ષક(સાયન્સ શિક્ષક) સાથે તા.૮-૮-૧૬ને સોમવાર સવારે ૮.૩૦ કલાકે મંગળદાસ ટાઉન હૉલ, એલિસબ્રીજ ખાતે આપત્તિ વ્યવસ્થાપન અંગેનાં કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા જણાવશો. વિદ્યાર્થીઓ આપત્તિ વ્યવસ્થાપન અંગેની બાબતોથી વાકેફ થાય તેમજ આપત્તિ સમયે પોતે અને સાથેના વ્યક્તિઓની જાન-માલ બચાવવા મેળવેલ જ્ઞાનનો ઉપયોગ કરી મદદરૂપ થઈ શકે તેની તાલીમ - માહિતી આપવી શિક્ષણના ભાગરૂપે ખુબ જ જરૂરી બને છે. માન.શ્રી સિદ્ધાર્થ ખત્રી,ડે.મ્યુનિ.કમિશનરશ્રી(IPS),સ્કૂલ બોર્ડ દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવનાર છે.

દર વર્ષે ધો.૮માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે સરકાર દ્વારા નેશનલ મીન્સ એન્ડ મેરીટ સ્કોલરશીપ પરીક્ષા(NMMS) લેવામાં આવે છે. તેના માટે શિક્ષકોને ઉપયોગી અને વિદ્યાર્થીઓને સફળ થવા માટે મદદરૂપ થાય તેવી સમજ અને માર્ગદર્શન માન.ડે.મ્યુનિ. કમિશનરશ્રી જે.એસ.પ્રજાપતિ સાહેબ આપવાના છે, તેની નોંધ લેશો.

તા.૫-૮-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી